## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ચાલ ગરબા રમવા... થોડી સ્મેલ તો આવશે... મમ્મીએ મારાથી લવ જેહાદ ન થાય તે માટે ગૌમુત્ર છાંટીને રમવા મોકલી છે...

# સે-૨માં ચાલતો ક્રિકેટ સટ્ટો પોલીસે પકડી પાડયો

### ૧૮ મોબાઈલ, ૩ લેપટોપ તથા રોકડ રૂ. ૬૧ હજાર સહીત ૧ લાખના મુદ્દામાલ સાથે બે સટ્ટોડીયાઓની ધરપકડ

ગાંધીનગર, તા.૨૧

શહેરના સેકટર-૨-સી ખાતે એક મકાનમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડાઈ રહ્યો હોવાની બાતમી મળતા સેકટર-૭ પોલિસની સર્વેલન્સ સ્કવોર્ડે દરોડો પાડી બે સટ્ટોડીયાઓને દબોચી લીધા હતા. ૧૮ નંગ મોબાઈલો, ૩ લેપટોપ, સટ્ટા લખેલા ત્રણ ચોપડા અને રોકડ સહિત એક લાખ રૂપિયાના મુદ્દામાલ સાથે બંનેની ધરપકડ કરી સે-૭ પોલિસે ઉંડી તપાસ શરુ કરી છે.

સેકટર-૭ પોલિસ મથકના પી.આઈ. પી.બી. ચૌહાણની સુચનાથી તેમની ટીમ ક્રિકેટ સટ્ટાને નેસ્ત નાબુદ કરવા સક્રીય છે ત્યારે ગઈ કાલે સર્વેલન્સ સ્કવોર્ડના પીએસઆઈ વી.આર. પ્રજાપતિ તથા તેમની ટીમને બાતમી મળતા સે-૨-સીમાં દરોડો પાડી ક્રિકેટ સટ્ટો પકડી પાડયો હતો. મકાનમાં દરોડો પાડી પોલિસે ત્રણ લેપટોપ, ૧૮ નંગ મોબાઈલો, ક્રિકેટના સટ્ટા લખેલા ત્રણ ચોપડા, રોકડ રૂ. ૬૧૫૩૦ તથા એક વાહન મળીને કુલ રૂ. ૯૯૬૫૫નો મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સોને પકડી પાડયા હતા. પેથાપુરના મંગલમુર્તિ કોમ્પ્લેક્ષમાં મકાન નં. એ ૨૦૩માં રહેતા રૂપક વાસુદેવ ઝોપે અને સેકટર-૨-સી પ્લોટ નં. ૭૬૭/૧માં રહેતા અનિરૂધ્ધ ઉર્ફે મુન્નાભાઈ મંગલસિંહ વાઘેલા નામના બંને શખ્સોની ધરપકડ કરી પીએસઆઈ વી.આર. પ્રજાપતિએ ઝીણવટભરી તપાસ આરંભી છે.



# ચિલોડા હાઈવે પરથી દારૂનો જથ્થો ભરેલી ટ્રક ઝડપાઈ

### સફરજનની પેટીઓની આડમાં વિદેશી દારૂની હેરાફેરીનો એલસીબીએ પર્દાફાશ કર્યો : રૂ. ૪૦.૬૩ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ : વડોદરાના વિનોદ સિંધીનો માલ હોવાનું ખુલ્યુ

ગાંધીનગર, તા.૨૧

હિંમતનગર-ચિલોડા હાઈવે પરથી સફરજનની પેટીઓની આડમાં વિદેશી દારૂના મસમોટા જથ્થાની હેરાફેરી થવાની હોવા અંગે બાતમી મળતા ગાંધીનગર એલસીબીની ટીમે મહુન્દ્રા પાટીયા પાસે વૉચ ગોઠવીને દારૂનો જથ્થો ભરેલી ટ્રક પકડી પાડી હતી. રૂ. ૩૦.૬૦ લાખની કિંમતના વિદેશી દારૂનો જથ્થો ભરેલી ટ્રક સાથે બે શખ્સોને પકડી એલસીબીએ ટ્રક સાથે રૂ. ૪૦.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી લીધો છે. આ જથ્થો વડોદરાના કુખ્યાત બુટલેગર વિનોદ સિંધીનો હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલતા ગાંધીનગર એલસીબીની ટીમે તે દિશામાં તપાસ શરુ કરી છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી જિલ્લામાં દારૂ-જુગારની બદીને નેસ્ત નાબુદ કરવા ગાંધીનગર એલસીબી પી.આઈ.જે.ડી. પુરોહીતની ટીમ સક્રીય છે ત્યારે ગઈ કાલે પી.આઈ. પુરોહીતને બાતમી મળતા તેમની ટીમના પીએસઆઈ એચ.કે, સોલંકી, હે.કો. બાબુભાઈ, નરેન્દ્રસિંહ, રમેશભાઈ, રણજીતસિંહ, દિલીપસિંહ, કિરીટકુમાર, કોન્સ્ટેબલ મહીપાલસિંહ, ભૌમિકકુમાર તથા નરેશકુમાર સહિતના માણસો બાતમી વાળા સ્થળ પર હિંમતનગર-ચિલોડા હાઈવે પર મહુન્દ્રા પાટીયા પાસે વૉચમાં ગોઠવાઈ ગયા હતા. બાતમી વાળી ટ્રક નં. આર.જે. ૨૭ જી.સી. ૦૭૯૭ પસાર થતા તેને પકડી પાડી અંદર તપાસ કરી હતી. ટ્રકમાં સડી ગયેલા સફરજનની પેટીઓની વચ્ચે વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ટ્રકમાંથી સફરજન ભરેલી ૫૦ પેટીની આડમાં વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની ૭૦૫૦ નંગ બોટલો મળી આવી હતી. રૂ. ૩૦,૬૦,૦૦૦નો મસમોટો દારૂનો જથ્થો તથા રૂ. ૧૦ લાખની ટ્રક, ત્રણ મોબાઈલ અને રોકડ રૂ. ૧૭૫૦ મળી કુલ રૂ. ૪૦,૬૩,૭૫૦નો મુદ્દામાલ જપ્ત કરી એલસીબીની ટીમે રાજસ્થાનના ચિતોડગઢ જિલ્લાના ડુંગલ તાલુકાના શ્યામલાલ બગદીરામ ગુજ્જર અને જગદીશચંદ્ર ખેમરામ રાવત નામના શખ્સોની ધરપકડ કરી લીધી હતી.

આરોપીઓની સઘન પુછપરછ કરતા આ દારૂનો જથ્થો હરિયાણાથી જોગીન્દરપાલ ઉર્ફે ફૌજી દેવરાજ શર્મા (રહે. ચંદીગઢ)એ રાજસ્થાન થઈ ગુજરાતમાં વડોદારના વિજય ઉર્ફે વિનોદ સિંધી મુરલીધર ઉદવાણીને આપવા મોકલાવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે.



# એક્સટર્નલ વિદ્યાર્થીની પરીક્ષા ફીના દર સુધારી ખૂટતી રકમ માંગતુ બોર્ડ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એક્સટર્નલ વિદ્યાર્થીઓ માટેની પરીક્ષા ફીના દરમાં સુધારો એકાએક કરી અને ખૂટતી ફી ની રકમ દિન-૭માં મોકલી આપવા માટે વિવિધ શાળાઓને પત્ર લખી મોકલી આપવા તાકીદ કરાતાં શિક્ષણજગતમાં નવો વિવાદ ઉભો થવા પામ્યો છે.

મળતી વિગતો મુજબ ૨૦-૭-૧૭ના રોજ આ ફી વધારાના નિર્ણયની જાણ સરકાર દ્વારા કરવામાં આવી હતી પરંતુ શાળાઓ દ્વારા તે બાબતે મૌન સેવ્યુ હોવાનુ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો મુજબ બોર્ડ દ્વારા તાજેતરમાં આ અંગે પત્ર લખી શાળાના જે એક્સટર્નલ વિદ્યાર્થીઓની ખૂટતી પરીક્ષા ફીની રકમ જમા નહિ થાય તો તે અંગેની સઘળી જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે તેવો સ્પષ્ટ સંકેત આપી દેવામાં આવ્યો છે.

રાજયમાં દર વર્ષે હજ્જારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ એક્સટર્નલ વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપતા હોય છે જે ઉલ્લેખનીય છે.

# ગાંધીનગર (ઉત્તર) અને માણસા બેઠક માટે ભાજપમાં રજૂઆતો

ચિલોડા, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાનો તા. ૨૦-૨૧ બે દિવસ વિધિવત પ્રારંભ થયો હતો. જિલ્લાની બીજા દિવસે માણસા અને ઉત્તર ગાંધીનગર વિધાનસભાની મહત્વની બેઠક માટે ઉમેદવારોના સેન્સ લેવામાં આવ્યા હતા. સાંજે ૭ વાગ્યા બાદ ઉત્તર ગાંધીનગર વિધાનસભાની બેઠક માટે નિરીક્ષકો દ્વારા સામુહિક કે વ્યક્તિગત સાંભળવાનું શરૂ કરાયું હતું. આ બેઠક માટે કેન્દ્રીયમંત્રી હરીભાઈ ચૌધરી, ચેરમેન ડૉ. અનિલ પટેલ, પૂર્વ પ્રદેશમંત્રી અલ્કાબેન મોદી બે દિવસ માટે પાંચેય બેઠકો માટે ઉમેદવારોના સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરી હતી. માણસા બેઠક માટે બપોરના સમયે ૨ વાગ્યા બાદ સેન્સ લેવાનુ ચાલુ કર્યું હતું. ૪૦ થી ૪૫ સંભવિત ઉમેદવારોને રજુઆત કરવાની તક આપી હતી. જ્યારે ગાંધીનગર(ઉ)ની બેઠક માટે તાકાતવાન નામો ઉમેદવારી માટે તાકાત દર્શાવી રહ્યા છે. ઉ. ગાંધીનગર બેઠક માટે ખરાખરીનો જંગ ખેલાશે તેવા સંકેતો મળી રહ્યા છે. ગાંધીનગર (ઉ) વિધાનસભાની બેઠક માટે ભાજપના પદાધિકારી, વિવિધ સંગઠનોના હોદ્દેદારો પોતાનો બાયોડેટા સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા છે. આ કાર્યક્રમમાં મુખ્યત્વે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, મેયર પ્રવિણ પટેલ, કોદરભાઈ પટેલ, મહેન્દ્રસિંહ રાણા, શંકરસિંહ રાણા, નિતીન પટેલ, કાર્તિક પટેલ, રસિકભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, મનુભાઈ પટેલ, આશિષ દવે, મહેન્દ્રભાઈ પટેલ(દાસ) વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આમ અગાઉ ત્રણ બેઠકો પર ૧૮૦૦થી ૨૦૦૦ દાવેદારોને નિરીક્ષકોએ સાંભળ્યા હતા. આ પ્રક્રિયામાં આજદિન સુધી હકારાત્મક સુચનો આવકારદાયક બન્યા હતા. અગાઉ ભાજપના કાર્યક્રમોની રૂપરેખાની સમજૂતી આપવામાં આવી હતી.



# ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજાની ૧૧મી સ્વશિક્ષણ પદયાત્રા યોજાઈ

### ભાવનગર જિલ્લાના તળાજા તથા મહુવા ખાતે ગ્રામ દર્શનના ભાગરૂપે પદયાત્રા યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૨૧

આગામી તા. ૨જી ઓક્ટોબરે મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ ઉજવાશે. 'અહિંસા દિન' તરીકે ઉજવાતા આ દિવસે ગૂજરાતના વિદ્યાપીઠના રાંધેજા સંકુલના ૧૮૫ વિદ્યાર્થીઓએ ભાવનગર જિલ્લામાં યોજાયેલ અગિયારમી સ્વશિક્ષણ ગ્રામજીવન પદયાત્રામાં ભાગ લીધો હતો.

પૂ. મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામ્ય સ્તરે ગાંધી વિચારધારાને વ્યાપક બનાવવા કાર્યરત છે અને વિદ્યાર્થીઓના ઘડતર માટે દર વર્ષે ગ્રામ્યદર્શનના ભાગરૂપે સ્વશિક્ષણ પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે તા. ૧૫મીથી ૧૯મી સપ્ટેમ્બર દરમ્યાન ભાવનગરના તળાજા અને મહુવામાં યોજાયેલ સ્વશિક્ષણ પદયાત્રામાં રાંધેજા સંકુલના ૧૨ ટુકડીઓમાં ૧૮૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ૪૮ સેન્ટરની શાળાઓમાં ફરી સ્વશિક્ષણ બળવત્તર બનાવવા પ્રયાસો હાથ ધર્યા હતા. રાંધેજાના મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલના કુલનાયક ડૉ. અનામિક શાહ, કુલ સચિવ ડૉ. રાજેન્દ્ર ખીમાણી, સંસ્થાના સંયોજક ડૉ. રાજીવ પટેલે સ્વશિક્ષણ પદયાત્રાનં માર્ગદર્શન કર્યુ હતુ. પદયાત્રામાં વિવિધ જનજાગૃતિ વિષય પર કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.



# સેક્ટર-૨૧ હવેલી મંદિરમાં શરદોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૨૧

આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ ગાંધીનગર શાખા દ્વારા હવેલી મંદિર સેકટર-૨૧માં તા. ૫મી ઓકટોબરના રોજ શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્સવમાં ભાગ લેવા માટે તા. ૨જી ઓકટોબર સુધીમાં પાસ મેળવી લેવા જણાવાયું છે. સમય મર્યાદા બાદ પાસ આપવામાં આવશે નહિ તેમ મંત્રી હર્ષદભાઈ ગાંધીએ જણાવેલ છે.





## ચિલોડા ખાતે સ્વચ્છતા હી સેવા ઝુંબેશની ઉજવણી અંતર્ગત સ્વચ્છતા રથનું ઉમંગભેર સ્વાગત

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત ૨જી ઓક્ટોબર મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે સ્વચ્છતા હી સેવાની ઝુંબેશના ભાગરૂપે ચિલોડા ગામે સ્વચ્છતા રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. વાઘેલાએ પ્રાથમિક શાળાના બાળકોને સ્વચ્છતા અંગે શુભ સંદેશો આપી સોગંદ લેવડાવ્યા હતા. આ પ્રસંગે પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની હીના મકવાણાએ સ્વચ્છતા અંગે સુંદર વક્તવ્ય રજૂ કરી શુભ સંદેશો પાઠવ્યો હતો. આ પ્રસંગે ચિલોડા ગ્રામ પંચાયતથી ગામના મુખ્ય ચોક સુધી સાફ સફાઈ અભિયાન હાથ ધર્યું હતું. આ પ્રસંગે લાયઝન અધિકારી જી.એમ. સોલંકી, રાહુલ સોલંકી તથા ચિલોડા ગામના સરપંચ વસુમતીબેન પટેલ, ડે. સરપંચ જયંતિભાઈ પટેલ, નટુભાઈ પટેલ, ગ્રામ પંચાયતના સભ્યો વગેરે હાજર રહ્યા હતા.

# ધી ચિલોડા સેવા સહકારી મંડળી લિ.ના ચેરમેન જૈમિન પટેલને શ્રેષ્ઠ ચેરમેન એવોર્ડ

ધી ગુજરાત સ્ટેટ કો.ઓ. બેંક લિ. દ્વારા મંડળીઓના કર્મઠ લોકસેવકો થકી બેંક કાર્યદક્ષ લોકાભિમુખ વહીવટ આપવામાં સફળ રહી છે. ચિલોડા સેવા સહકારી મંડળી લિ.ના યુવા અગ્રણી જૈમિનભાઈ જગદીશભાઈ પટેલ ચેરમેન તરીકે પ્રસંશનીય કામગીરી બજાવી સભાસદોના હમદર્દ બની હરહંમેશ લોકપ્રિય કામગીરી કરી છે.

રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારની ખેડૂતલક્ષી યોજનાથી વાકેફ થઈ તમામ ખેડૂતો-સભાસદોને લાભાદિક્ષ કામગીરી દ્વારા માર્ગદર્શક ક્રિયાશીલ પુરૂષાર્થ નોંધનીય છે. સહકારીક્ષેત્રે પ્રશંસનીય કામગીરીને ધ્યાનમાં લઈ ધી ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક લિ. દ્વારા ચિલોડા-સેવા સહકારી મંડળીના ચેરમેન તરીકે દીર્ઘકાલીન સેવા બદલ શ્રેષ્ઠ ચેરમેનનો એવોર્ડ અને સન્માનપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. પરિણામે સન્માનિત ચેરમેન જૈમિન પટેલને સભા સદો દ્વારા મંડળીને ગૌરવ આપાવવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



# બી.સી.એ.ના વિદ્યાર્થીઓનું રાજ્ય કક્ષાની પ્રતિયોગિતા 'ટેક કૃષિ આઈટી-૧૭'માં ઉત્કૃષ્ટ પ્રદર્શન

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ-બી.સી.એ. કોલેજના વિદ્યાર્થીઓએ આણંદ ખાતે કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી આયોજિત રાજ્ય કક્ષાની પ્રતિયોગિતા "ટેક કૃષિ આઈટી-૧૭"માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. રાજ્ય કક્ષાની આ પ્રતિયોગિતામાં આ કોલેજના ૧૯ વિદ્યાર્થીઓ અને ગુજરાત રાજ્યની નામાંકિત એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કહેવાય છે "જયારે તમે તમારું સર્વ શ્રેષ્ઠ પ્રદર્શન આપો છો ત્યારે સફળતા તમારી જ હોય છે" બી.સી.એ. કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓએ આ ઉક્તિને સાચી સાબિત કરી છે અને આઈટી કવીઝ ઈવેન્ટમાં રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. પ્રતિયોગિતામાં પ્રોગ્રામિંગ કોમ્પીટીશન, પોસ્ટર પ્રેઝેન્ટેશન, આઈટી કવીઝ, રોબોરેસ જેવી ટેકનિકલ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. કવીઝ ઈવેન્ટના વિજેતા વિદ્યાર્થીઓ પટેલ તુષાર અને પ્રજાપતિ જૈમિનને તેમજ જુદી જુદી ટેકનીકલ ઈવેન્ટમાં ભાગ લેવા બદલ તમામ ૧૯ વિદ્યાર્થીઓને કોલેજ પરિવાર હાર્દિક અભિનંદન આપે છે. પ્રતિયોગિતાના આયોજનમાં કોલેજના ડાયરેકટર ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ પ્રાધ્યાપક મિત્રો કેતન સાળુંકે, ડો. રીચા મહેતા, ડો. અભિજિતસિંહ જાડેજા, બિજલ પરમાર, કોલેજના તમામ સ્ટાફ મિત્રોએ પોતાનું યોગદાન આપ્યું હતું.

## ટેન્ડર નોટીસ

**EPABX મશીન ખરીદ કરવા તથા જાળવણી અંગેનો કોન્ટ્રાક્ટ આપવા બાબત.**

શ્રમ આયુક્તની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર EPABX સિસ્ટમ ખરીદ કરવા તથા તેની જાળવણી માટેના ભાવ મંગાવે છે. રસ ધરાવતી એજન્સીઓએ આ અંગેનું ટેન્ડર મેળવી નીચે જણાવેલ સ્થળ અને સમયે મેળવી સિલબંધ કવરમાં સમય મર્યાદામાં મોકલી આપવાનું રહેશે.

**સ્થળ :** શ્રમ આયુક્તશ્રીની કચેરી, બ્લોક નં. ૧૧,૧૨,૧૪, ૨જો માળ, ઉદ્યોગ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**સમય :** તા. ૨૨/૯/૨૦૧૭ થી ૩/૧૦/૨૦૧૬ કચેરી સમય ૧૦-૩૦થી ૬-૦૦ સુધી

સહી/-
અધિક શ્રમ આયુક્ત
ગુજરાત રાજ્ય ગાંધીનગર

માહિતી/૧૭૪૫/૧૭-૧૮

## જાહેર સુચના

અમો મુખ્ય પ્રયોજક (સુચિત) શ્રી સદગુરૂ મહિલા કો.ઓપ. ક્રેડિટ સો. લી. ગાંધીનગરની સહકારી કાયદા કાનૂન અન્વયે રજિસ્ટર્ડ કરાવનાર છીએ. તો આ રજિસ્ટ્રેશન બાબતે જે કોઈ ક્રેડિટ કો.ઓપ. સોસાયટીને વાંધો / વિરોધ હોય તો તેઓ દિન-૭માં શ્રીમતી ભાનુમતિ અશોકભાઈ પરમાર, ૧૧૮૬, શિવમ્ સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગરને જાણ કરશો.

લી.
તા. ૨૧/૯/૨૦૧૭ — બી. એ. પરમાર